# ભક્તોના રક્ષક ભગવાન શ્રીકૃષ્ણ

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

માનવ દેહધારી વાસુદેવનંદન શ્રી કૃષ્ણની લીલાઓ મધુરમ તથા આનંદવર્ધનકારી છે. શ્રી કૃષ્ણ ભગવાન લીલા પુરુષોત્તમ તરીકે ખ્યાત છે. ભક્તોના તારણહાર અને રક્ષણહાર, ઉદ્ધારક તથા પોષણહાર ભગવાન શ્રી કૃષ્ણની બાળલીલાઓ અકલ્પનીય તથા રસામૃત, પ્રેમામૃત પ્રદાન કરનારી છે.

'ભક્તોને કાજે તમે કીધાં ઘણાં કાજ, યશોદાનો જાયો (પુત્ર) કનૈયા તારું નામ' એ લોકગીત આનંદપ્રેરક તથા ઉત્સાહવર્ધક છે.

બાળકૃષ્ણે પોતાના સ્વજનો માતા યશોદા તથા નંદ મહારાજ, વ્રજવાસીઓનું અનેક આપદાઓથી બચાવી રક્ષણ કર્યું હતું. શાસ્ત્રોમાં રસપ્રદ આલેખન મળી આવે છે. નંદરાયને સંકટમાંથી બચાવી સુરક્ષા પ્રદાન કરનાર, વ્રજનંદન શ્રીકૃષ્ણ અભય ચરણની કૃપા વરસાવે છે.

એક વાર વ્રજવાસી(ગોકુળવાસી)ઓ ભગવાન શિવજીનું પૂજન કરવા બળદગાડામાં બેસીને અંબિકાવનમાં ગયા. અંબિકાવન ગુજરાત રાજ્યમાં સિદ્ધપુર શહેરની નજીક આવેલું છે. ફાગણ માસમાં કૃષ્ણપક્ષની ચતુદર્શીનો દિવસ હતો. અંબિકાવનમાં શિવજી તથા માતા ઉમાદેવીની પ્રતિમાઓ બિરાજે છે.

વ્રજજનો વનમાં આવ્યા પછી સરસ્વતી નદીમાં સ્નાન કરીને પૂજાની વિવિધ સામગ્રીથી ભક્તિભાવે પ્રભુ શિવજી તથા માતા ઉમાજીનું પૂજન વિધિપૂર્વક કર્યું . ગોપજનોએ બ્રાહ્મણોને ગાયો, સુવર્ણ, વસ્ત્રો, મધ તથા મિષ્ટ વ્યંજનનું દાન અર્પણ કરી પ્રાર્થના કરી કે 'દેવ અમારી ઉપર પ્રસન્ન થાઓ.'

મહાભાગ્યશાળી નંદમહારાજ, વ્રજવાસીઓએ વ્રત ધારણ કરીને સરસ્વતી નદીના કિનારે રાતવાસો કર્યો.

રાત્રીના સમયે એક મોટો અને અત્યંત ભૂખ્યો અજગર જંગલમાં આવ્યો. પેટ વડે સરકીને તે નિદ્રાધીન થયેલા નંદ મહારાજ પાસે પહોંચી તેમને ગળી જવા લાગ્યો. નંદ મહારાજ અત્યંત ભયભીત થઈને મદદ માટે પોકારવા લાગ્યા કે 'કૃષ્ણ, ઓ કૃષ્ણ મારા પ્રિય પુત્ર તારા શરણે આવેલા મને આ મોટા અજગરથી બચાવો.'

નંદ મહારાજની બૂમો સાંભળીને ગોપાલો તે જ ક્ષણે જાગી ગયા ને નંદરાયને બચાવવા બાવરા થઈને બાવળના ઉબાડિયાના લાકડાથી અજગરને મારવા લાગ્યા પરંતુ તેઓના પ્રયાસ વિફળ રહ્યા. આવો કોલાહલ સાંભળીને ભક્તોના સ્વામી ભગવાન શ્રી કૃષ્ણ ત્યાં પધાર્યા અને પોતાના ચરણથી અજગરને સ્પર્શ કર્યો. ભગવાનના દિવ્ય ચરણના સ્પર્શથી તે અજગરનાં સર્વ પાપ નષ્ટ થઇ ગયાં અને તેણે પોતાનું સર્પ શરીર ત્યજીને પૂજનીય વિદ્યાધરનું રૂપ ધારણ કર્યું. ભગવાન ગોવિંદ પોતાને પ્રણામ કરીને પોતાની સમક્ષ ઊભેલા શરીર કાંતિવાળા તથા સોનાની માળા ધારણ કરેલ પુરુષને પૂછવા લાગ્યા, ''અરે મહાશય, આવા અતિ શોભાયમાન, અદભુત રૂપધારી તમે કોણ છો? તથા આ અતિ અધમ યોનિ સર્પ શરીર શા માટે ધારણ કરવી પડી?''



ભગવાનના પ્રશ્નનો ઉત્તર આપતા પુરુષે કહ્યું, ''હું સુદર્શન નામનો પ્રખ્યાત વિદ્યાધર છું. હું વૈભવસંપન્ન તથા રૂપસંપન્ન હતો. પોતાના વિમાનમાં હું બધી દિશાઓમાં ભ્રમણ કરતો હતો. એક વાર અંગિરા

> **એક વાર અંગિરા કુળના કેટલાક કદરૂપા ઋષિઓની મારા થકી રૂપના ગર્વમાં મશ્કરી થઇ ગઇ. આ પાપને કારણે ઋષિઓએ મને શ્રાપ આપી આ સર્પ જેવી અધમ યોનિમાં નાખ્યો**

કુળના કેટલાક કદરૂપા ઋષિઓની મારા થકી રૂપના ગર્વમાં મશ્કરી થઈ ગઈ. આ પાપને કારણે ઋષિઓએ મને શ્રાપ આપી આ સર્પ જેવી અધમ યોનિમાં નાખ્યો. હે દયાળુ, તેઓનો શ્રાપ મારા હિત માટે જ હતો કેમ કે સર્વલોકના સ્વામીના ચરણની કૃપા હું પામ્યો. મારું જીવન ધન્ય થઈ ગયું.

હે પરમ કૃપાળુ ભગવાન આ સંસારથી ભયભીત થઈને આપનું શરણ લેનારાઓને આપ સર્વ ભયથી નિર્ભય કરો છો. આપના ચરણસ્પર્શ થવાથી હું સર્વ પાપ તથા ઋષિઓના શ્રાપથી મુક્ત થયો. તે દુઃખહર્તા આપ મને મારા લોકમાં જવાની આજ્ઞા આપો.''

આ પ્રમાણે શ્રીકૃષ્ણની આજ્ઞા મેળવીને વિદ્યાધર સુદર્શને ભગવાનની પરિક્રમા કરી, તેમને દંડવત્ પ્રણામ કર્યા ને પોતાના સ્વર્ગલોકમાં ચાલ્યો ગયો. આ રીતે નંદ મહારાજને સંકટમાંથી ઉગાર્યા.

ભક્ત ઉદ્ધારક ભગવાન શ્રીકૃષ્ણની જય હો.

---

# બે આંચળવાળી ગાય

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

''મારા ગુરુ સેમાદાસ પૂર્વજીવનમાં સદગોપ જ્ઞાતિમાં હતા. તેમાંથી બાઉલ બન્યા હતા. તેમણે સમાજજીવનનાં અનેક રહસ્યો, તેની સાથે જોડાયેલ બાઉલિયા મર્મ અમને ઘૂંટીઘૂંટીને પાયા છે.'' ગૌરાંગનાગરી કેનાલના કાંઠે, નાદિયા જિલ્લાના ગાઝના ગામમાં અમે બેઠા હતા, ત્યારે બાઉલ તિલકકારે તેના ગુરુના સ્મરણ સાથે વાત છેડી.

''એક વખતે તેમણે વાત કરી કે ગાઝના ગામનો એક સદગોપ જુગારની લતને લીધે શાહુકારનો દેણદાર થઈ ગયો. તેની મિલકત પર શાહુકાર દ્વારા સરકાર તરફથી જડતી આવી અને તેની બધી જ મિલકત લીલામ થઈ ગઈ. સદગોપને મિલકતમાં શું હોય? થોડી ગાયો હતી. તે સરકારી અધિકારીઓએ ગામના પાદરમાં ઊભા રહી લીલામ કરી નાખી અને શાહુકારને પૈસા આપી દીધા. તેમાં ચિત્તોરાખાલ એક લાલ રંગની ગાય લઈ આવ્યો હતો.''

ગુરુજી આગળ કહે છે, ''હું બીજા દિવસે માધુકરીમાં ગયો ત્યારે એક વ્યક્તિએ મને આ વાત કહી અને હું ચિત્તોરાખાલને ઘેર માધુકરી કરવા ગયો ત્યારે સાથે આવ્યો.''

આગળ ગુરુ બોલ્યા, ''તેણે મારી હાજરીમાં જ પૂછ્યું કે ચિત્તો, આ ગાય કેટલા રૂપિયામાં ખરીદી?''

લુચ્ચું હાસ્ય કરતા ચિત્તો બોલ્યો, ''200 ટાકામાં. (રૂપિયામાં)''

ગુરુએ પૂછ્યું, ''ખૂબ સસ્તી પડી! આ ગાયની કિંમત તો ખરેખર 400 રૂપિયા થાય, તને કેમ સસ્તી પડી?''

ચિત્તો બોલ્યો કે, ''બાઉલ, આ ગાયને ચાર નહીં બે જ આંચળ છે! તારી પાસે શું છુપાવવું? મેં લીલામ કરનાર અધિકારીને કહ્યું કે આ ગાયને ચાર આંચળ હોય તો 400 રૂપિયા થાય પણ આ ગાયને તો બે જ આંચળ છે તેથી દૂધ અડધું જ મળે! તો તેની કિંમત અડધી ગણાય ને? શાહુકાર અને સરકારી અમલદારને તો કાંઈ ખબર હોય જ નહીં! તેથી તેણે આપી દીધી!''

અમે તિલકકારને પૂછ્યું, ''શું બે આંચળ હોય તો દૂધ અડધું આવે?''



તે હસ્યો અને બોલ્યો, ''ગુરુએ અમને આ વાત કરી અને સમજાવ્યું કે આવું ન હોય. દૂધ તો બરાબર જ આવે. 50 લીટરની ઉપલી ટાંકીમાં નીચે ચાર નળ લગાવો કે બે નળ! પાણી તો 50 લીટર જ આવવાનું છે! પણ ધન ભેગું કરનારને ધનનો અને સરકારી અમલદારી કરનારને સત્તાનો અમલ ચડેલો હોય છે! તેને ન સમજાય!''

પછી ગુરુ આગળ બોલ્યા, ''દ્રષ્ટિ ગુમાવનારની શ્રવણેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય સતેજ કરી દેનાર,

> **મેં લીલામ કરનાર અધિકારીને કહ્યું કે આ ગાયને ચાર આંચળ હોય તો 400 રૂપિયા થાય પણ આ ગાયને તો બે જ આંચળ છે તેથી દૂધ અડધું જ મળે !**

મનેર માનુષ, જો એક ઇન્દ્રિયની ખોટ પડે તો તેને બીજી ઈન્દ્રિયમાં વધુ સમજ આપી, સતેજ કરી, સરભર કરી દેતો હોય તો આ બે આંચળનું દૂધ, અન્ય બે આંચળ દ્વારા પ્રદાન કરવામાં પાછી પાની થોડો કરે!''

